# ચૌદમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**સાતમું સત્ર**

**સોમવાર, તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૦**

**પહેલી બેઠક**

**બપોરના ૧૨–૦૦ વાગ્યે**

**૧. શોકદર્શક ઉલ્લેખો**

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ.શ્રી પ્રણવ મુખરજી, કોરોના–૧૯ થી અવસાન પામેલ કોરોના વોરિયર્સ અને પ્રજાજનો, ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.શ્રી લીલાધરભાઇ ખોડાજી વાઘેલા, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી ગીગાભાઇ ભાવુભાઇ ગોહીલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ નાયબ મંત્રી સ્વ.શ્રી જેસાભાઇ મારખીભાઇ ગોરીયા, ગુજરાત રાજ્યના પૂર્વ સંસદીય સચિવ સ્વ.શ્રી કુરજીભાઇ ભેંસાણીયા, ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ.શ્રી નટુભાઇ ભીખાભાઇ ડાભી, સ્વ.શ્રી વસંતભાઇ પરભુભાઇ પટેલ અને સ્વ.શ્રી મણીલાલ ગોરધનદાસ ગાંધીના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.

**૨. વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો**

(૧) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૫૨(૨) અન્વયેનો માનનીય સભ્યશ્રી ઈમરાન ખેડાવાલાનો પ્રસ્તાવ.

"આ સભાગૃહ, સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૧–સન ૨૦૨૦નો ગુજરાત, ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના, મંત્રીઓ તથા વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વટહુકમ નામંજૂર કરે."

(ખ) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૦નું ગુજરાત, ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના, મંત્રીઓ તથા વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા)વિધેયક

..........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**......માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

(૨) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૦નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક.

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

...૨...

(૩) (ક) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૫૨(૨) અન્વયેનો માનનીય સભ્યશ્રી ઈમરાન ખેડાવાલાનો પ્રસ્તાવ.

"આ સભાગૃહ, સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૨–સન ૨૦૨૦નો ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વટહુકમ નામંજૂર કરે. "

(ખ) સન ૨૦૨૦નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૦નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

**(પ્રથમ બેઠકનું કામકાજ પૂરૂ થયા બાદ ૧ કલાકના વિરામ બાદ બીજી બેઠક મળશે)**

## બીજી બેઠક

**૧. પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

(૧) માનનીય સભ્યશ્રી કાંતિભાઇ ખરાડીનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક–૨૫ " ઉત્તર ગુજરાતમાં ગાયોને રસ્તા ઉપર છોડી દેવા બાબત "

**..... માનનીય ગૌ–સંવર્ધન મંત્રીશ્રી**

(૨) માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક–૩૫ " નવસારી જિલ્લામાં વરસાદથી રસ્તાઓને નુકશાન "

**..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)**

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશ(બાબુભાઇ વાજા)માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)નું ધ્યાન દોરશે:–

તાજેતરમાં પાકિસ્તાનની મરીન એજન્સીની ચાંચિયાગીરીએ નાપાક હરકત કરીને પોરબંદરની ૬ અને વેરાવળની ૨ બોટો તથા ૪૫ જેટલા માછીમારોને મશીનગનના નાળચે બંદીવાન બનાવીને અપહરણ કરતાં માછીમારોમાં અને તેઓના પરીવારજનોમાં ફેલાયેલ ભય અને રોષ દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

...૩...

**૨-અ. જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનું નિવેદન (નિયમ-૪૪)**

**૩. વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(૧) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક-૧-સન ૨૦૨૦નો ગુજરાત, ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના, મંત્રીઓ તથા વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**......માનનીય રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૨) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક-૨-સન ૨૦૨૦નો ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૩) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક-૩-સન ૨૦૨૦નો ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**........માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૪) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક-૪-સન ૨૦૨૦નો ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**......માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડા**

(૫) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક-૫-સન ૨૦૨૦નો ઔદ્યોગિક તકરાર (ગુજરાત સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**......માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર**

(૬) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક-૬-સન ૨૦૨૦નો કારખાના (ગુજરાત સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**......માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર**

(૭) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક-૭-સન ૨૦૨૦નો કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**......માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર**

(૮) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક-૮-સન ૨૦૨૦નો મજૂર કાયદા (ગુજરાત સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**......માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર**

(૯) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક-૯-સન ૨૦૨૦નો ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**....... માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ**

(૧૦) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૧૦–સન ૨૦૨૦નો ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**....... માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ**

(૧૧) સન ૨૦૨૦નો વટહુકમ ક્રમાંક–૧૧–સન ૨૦૨૦નો ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**......માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૧૨) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૧૩) ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૧૪) ગુજ–ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......માનનીય પ્રવાસન મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડા**

(૧૫) દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૧૬) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૧૭) બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૧૮) ગાંધીનગર રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૮–૧૯ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૧૯) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઈ પરમાર**

(૨૦) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ

**......માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા**

(૨૧) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી રમણભાઈ પાટકર**

(૨૨) સન ૨૦૧૫ના ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ અન્વયેના ગૃહ વિભાગના, તા.૨૩/૦૧/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક: જીજી–૦૩/૨૦૨૦/એસબી.૫/ પીઆરસી/૧૦૨૦૧૫/૦૭,

**......માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

(૨૩) સન ૨૦૦૫ના ગુજરાત માહિતીનો અધિકાર અધિનિયમ અન્વયેના સામાન્ય વહીવટ વિભાગના, તા.૧૮/૦૩/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક: જીએસ–૬–૨૦૧૯–વીએચએસ–૧૦૦૫–૨૬૬૪–આર.ટી.આઈ.સેલ, તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન

**......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

## ૪. અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૭ તથા છઠ્ઠા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૦નાં વિધેયક ક્રમાંક–૨, ૫ અને ૧૨ વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

**..........સચિવશ્રી, ગુજરાત વિધાનસભા**

**૫. કામકાજ સલાહકાર સમિતિના નવમા અહેવાલની રજૂઆત**

**........માનનીય અધ્યક્ષશ્રી**

**૬. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય.''

**૭. સભ્યશ્રીઓના રાજીનામા અંગે માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત (નિયમ-૨૬૯)**

**૮. માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાનો પ્રસ્તાવ**

''આ સભાગૃહ ભારતના બંધારણના પરિશિષ્ટ-૫ ના ફકરા-૪ હેઠળ સરકારના શિક્ષણ અને મજૂર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તા.૧૯-૦૮-૬૦ના જાહેરનામા ક્રમાંક- ટીએસી/૧૨૬૦/ગ અન્વયે ગુજરાત રાજ્ય આદિજાતિ સલાહકાર પરિષદ પર ગુજરાત વિધાનસભાએ ચૂંટેલા પંદર સભ્યો પૈકી ખાલી પડેલ એક સભ્યશ્રીની જગ્યા માટે ગુજરાત વિધાનસભાના અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી એક સભ્યશ્રીને ચૂંટવાનુ કામ હાથ ધરે.''

**૯. માનનીય અધ્યક્ષશ્રીએ કરવાની જાહેરાત**

ગુજરાત રાજ્ય આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર ખાલી પડેલ એક જગ્યા ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત.

**૧૦. વૈધાનિક પ્રસ્તાવ સિવાયનો સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)**

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ (માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા)નો સંકલ્પ**

ગુજરાત સહિત સમગ્ર દેશ કોરોના મહામારીના જંગનો મક્કમતાપૂર્વક સફળ મુકાબલો કરી રહેલ છે. આ જંગમાં કોરાના વોરિયર્સની ભૂમિકા ખૂબ જ પ્રશંસનીય રહી છે જેને કારણે રાજ્યમાં કોરોના સંક્રમણને મહદઅંશે નિયંત્રણમાં રાખી શકાયું છે.

તબીબો, નર્સો, પેરામેડીકલ સ્ટાફ, સુરક્ષા દળો અને રાજ્યનું પોલીસ દળ, સફાઈ કર્મયોગીઓ, જાહેર પુરવઠા વિતરણ સાથે સંકળાયેલ કર્મયોગીઓ, સેવાભાવી સંસ્થાઓ સહિત સૌ કોઈ કોરોના વોરિયર્સની કામગીરીને આ સભાગૃહ હૃદયપૂર્વક બિરદાવે છે અને આ કપરા સમયમાં તેઓએ આપેલી સેવાઓની નોંધ લે છે. જે કોરોના વોરિયર્સ દિવંગત થયા તેઓને અંજલી આપી તેમના કુંટુંબીજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરે છે.

પ્રજાના આરોગ્ય અને સલામતી અર્થે સમગ્ર પોલીસતંત્રે સ્ટેન્ડ ટુ રહી લોકજાગૃતિ કેળવવામાં, સોશિયલ ડીસ્ટન્સીગ જાળવવામાં અને લોકડાઉનનું ચૂસ્તપણે પાલન કરાવવામાં રાત-દિવસ ખડેપગે ફરજ બજાવી છે. કોરોનાનો ભોગ બનેલા દર્દીઓ માટે

રાજ્યની સરકારી હોસ્પિટલો તેમજ ખાનગી હોસ્પિટલોમાં સારવારની ઉત્કૃષ્ટ વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં સરકારી હોસ્પિટલના તબીબો, ખાનગી હોસ્પિટલો સાથે સંકળાયેલા તબીબો તેમજ રાજ્યના નામાંકિત ડૉક્ટરો તથા પેરામેડીકલ સ્ટાફે સ્વૈચ્છિક સેવાઓ આપી સેવા યજ્ઞમાં જોડાયેલ છે.

કોરોના સંકટમાં લોકડાઉનના સંપૂર્ણ અમલ અને સોશિયલ ડિસ્ટિન્સંગની જાળવણી માટે અદ્યતન ટેક્નોલોજીનો પોલીસતંત્રએ ઉપયોગ કરી ડિજિટલ પેટ્રોલિંગ – સર્વેલન્સને પરિણામલક્ષી બનાવ્યું હતું. અમદાવાદ શહેરમાં સેન્ટ્રલાઈઝ ડ્રોન કમાન્ડ સેન્ટર દ્વારા કાર્યરત ડ્રોનની મદદથી સોશિયલ ડિસ્ટિન્સંગના અમલીકરણ પર નજર રખાઈ. જાહેર માર્ગો ઉપર પણ પોલીસ દ્વારા ટેક્નોલોજીના માધ્યમથી લોકડાઉનનો અમલ કરાયો. લોકડાઉન દરમ્યાન વ્યાજબી કારણ વગર લોકોનું ભેગા થવુ, પ્રતિબંધિત ચીજવસ્તુઓનું વેચાણ કરવું, ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરવું, ધાર્મિક સ્થાનો ઉપર લોકોની ભીડ એકઠી થવાની ઘટનાઓ, માસ્ક ન પહેરવાની ઘટનાઓ સામે પોલીસતંત્રએ વિડિયોગ્રાફી કે વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ સી.સી.ટી.વી. નેટવર્કના ફૂટેજના આધારે અનેક ગુના નોંધી સંક્રમણના સમયમાં નોંધપાત્ર કામગીરી બજાવી.

આદરણીય વડાપ્રધાનના સીધા જ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આ મહામારીનો દેશ સામનો કરી રહ્યો છે. રાજ્ય સરકારની કોરોના સામેની કામગીરીની ઉચ્ચત્તમ ન્યાયાલય, નીતિ આયોગ તેમજ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને સકારાત્મક નોંધ લીધી છે. રાજ્યના આરોગ્ય તંત્રની સરાહના કરતા જણાવેલ છે કે, રાજ્યમાં આ માટે ઉભુ કરવામાં આવેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખૂબ જ અદ્યતન છે જે સમગ્ર દેશ માટે ગૌરવની બાબત છે.

રાજ્ય સરકારે આ વૈશ્વિક મહામારી સમયે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આરોગ્ય રક્ષા, અન્ન સુરક્ષા, આર્થિક ગતિવિધી સહિતની બાબતોમાં શ્રેણીબધ્ધ પગલા ભરેલ છે. રાજ્યના ચાર મહાનગરોમાં ૨૨૦૦ બેડની ક્ષમતાવાળી કોવિડ–૧૯ ડેડિકેટેડ હોસ્પિટલ ઉભી કરાઈ તેમજ ૧૧૦૦ થી વધુ ધન્વન્તરી રથો–મોબાઈલ ડિસ્પેન્સરીથી પ્રજાને તબીબી સેવાઓ પુરી પડાઈ. રાજ્યના અર્થતંત્રમાં આર્થિક અને રાજકોષીય સુધારણા માટે રાજ્ય સરકાર દ્વારા ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના સર્વગ્રાહી પગલા લેવાઈ રહ્યા છે.

રાજ્યના ઉદ્યોગ–ધંધા પુનઃ વેગવંતા બને તે માટે ૧૪૦૦૦ કરોડનું આત્મનિર્ભર ગુજરાત સહાય પેકેજ જાહેર કરાયું. પ્રજાજનોમાંથી કોરોનાનો ડર દુર કરવા "હું પણ કોરોના વોરિયર્સ છું" અભિયાન હાથ ધરાયું. ખાસ કરીને વડીલ–વયસ્કો, સગર્ભા માતા, નાના

...૮...

બાળકો જેવા વલ્નરેબલ ગ્રૂપમાં કોરોનાનું સંક્રમણ ન થાય તે માટે વિશેષ વ્યુહરચના ઘડવામાં આવી છે. રાજ્યમાં કોરોના વાયરસ માટેની રસીના ઉત્પાદન સંદર્ભમાં પણ કામગીરી મહત્વપૂર્ણ તબક્કામાં છે. સંકટની આ ઘડીમાં રાજ્યના પ્રજાજનોએ આપેલા સહકારની પણ આ સભાગૃહ નોંધ લે છે.

પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, રાજ્યનું વહીવટી તંત્ર, તબીબી આલમ સહિત કોરોના વોરિયર્સ સાથે ખભેખભા મિલાવી દરેક જીલ્લો, શહેર અને ગામ આ સંકટ સામે લડે તે માટે અને કોરોના નેસ્તનાબૂદ કરે તે માટે આ સભાગૃહ સંકલ્પ કરે.

**૧૧. સભાગૃહની પ્રથમ બેઠકમાં વિચારણા માટે બાકી રહેલ તમામ સરકારી વિધેયકો**

| | |
|---|---|
| **વિધાનસભાગૃહ,** | **ડી. એમ. પટેલ** |
| **ગાંધીનગર.** | **સચિવ,** |
| **તા. ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૦** | **ગુજરાત વિધાનસભા.** |